# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

### ચોથું સત્ર

## સોમવાર, ૧ ૨ ફેબ્રુઆરી, ૨ ૦ ૨ ૪

----

| | |
|---|---|
| જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓઃ | [કૃષિ - પશુપાલન - ગૌ-સંવર્ધન - આદિજાતિ વિકાસ - મત્સ્યોદ્યોગ - પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ ]. |

**કુલ પ્રશ્નો 51**

----

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ખાનગી કોલ્ડ સ્ટોરેજની સહાય**

15/4/716 *1 **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા ૨ (બે) વર્ષમાંં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ખાનગી કોલ્ડ સ્ટોરેજની સહાય માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં હાલ કેટલા ખાનગી કોલ્ડ સ્ટોરેજ આવેલા છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં રાજ્ય સરકાર દ્વારા ખાનગી કોલ્ડ સ્ટોરેજ માટે કેટલી સહાય ચુકવવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએે ઉક્ત જિલ્લાઓમાં કેટલી સહાય ચુકવવાની બાકી છે?

----

## પ્રધાનમંત્રી આવાસ યોજનામાં રાજ્યનો ૧૦૦% ફાળો

15/4/808 *2 **શ્રી અમીત શાહ (એલીસબ્રીજ):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૧૦૦% રાજ્ય ફાળા હેઠળ કઈ કઈ યોજનાઓ અમલમાં છે, અને

(૨) તે અંતર્ગત લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવે છે?

----

## જૂનાગઢ જિલ્લામાં કુત્રિમ બીજદાન યોજના અન્વયે પશુપાલકોને પ્રોત્સાહન

15/4/798 *3 **શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ કરગટીયા (માંગરોળ):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં શુધ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કુત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના ઉછેર માટે પશુપાલકોને પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી?

----

## સુરત જિલ્લામાં પશુપાલન શિબિરોનું આયોજન

15/4/801 *4 **શ્રી મોહનભાઈ ધનજીભાઈ ઢોડિયા (મહુવા (એસ.ટી.)):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા તાલુકા અને જિલ્લા શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) તેમાં કુલ કેટલા પશુપાલકોએ લાભ લીધો?

----

## એક જ શિક્ષકવાળી પ્રાથમિક શાળાઓમાં વધુ શિક્ષકો મૂકવા બાબત

15/4/1177 *5 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રમ્હા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યની કેટલી પ્રાથમિક શાળાઓમાં માત્ર એક શિક્ષક જ ફરજ બજાવે છે,

(૨) ઉક્ત શાળાઓમાં માત્ર એક જ શિક્ષક ફરજ બજાવતાં હોવાથી વિદ્યાર્થીઓના શિક્ષણ પર વિપરીત અસર ન પડે તે માટે વધારે શિક્ષકો મુકવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) ઉક્ત તમામ શાળાઓમાં ક્યાં સુધીમાં એક કરતાં વધારે શિક્ષકો મુકવામાં આવશે?

----

## દાહોદ જિલ્લામાં બકરાં એકમ સહાય

15/4/796 *6 **શ્રી કનૈયાલાલ બચુભાઈ કિશોરી (દાહોદ):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કેટલી મહિલા લાભાર્થીઓને બકરાં એકમ (૧૦+૧) યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો, અને

(૨) તે અંતર્ગત કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

----

## રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા માસિક ગ્રાન્ટ

15/4/791 *7 **શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા (સયાજીગંજ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા માટે માસિક ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ માસિક કેટલી રકમની સહાય આપવામાં આવે છે, અને

(૩) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત યોજના હેઠળ સને ૨૦૨૩-૨૪માં કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે?

----

## સરકારી પ્રાથમિક શાળાઓમાં કન્ટીજન્સી ગ્રાન્ટ

15/4/1180 *8 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં કન્ટીજન્સી ગ્રાન્ટ શાળા દિઠ, શિક્ષક દિઠ કે આચાર્ય દિઠ કેટલી ફાળવવામાં આવે છે,

(૨) ઉક્ત દરો કયારથી અમલમાં છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દરોમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવેલ, અને

(૪) ઉક્ત દરોમાં હવે ક્યારે કેટલો વધારો કરવામાં આવનાર છે?

----

## અમદાવાદ શહેરની ખાનગી શાળાઓમાં વસુલવામાં આવતી ફી

15/4/720 *9 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરમાં ખાનગી શાળાઓ દ્વારા ફી રેગ્યુલેટરી કમિટિના હુકમોનું ઉલ્લંઘન કરીને ઉંચી ફી ઉઘરાવવામાં આવતી હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) ઉક્ત સ્થિતિએ ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા શાળાઓની કેટલી ફી નિયત કરવામાં આવેલ છે અને સંચાલકો દ્વારા કેટલી ફી ઉઘરાવવામાં આવેલ છે, અને

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત કઈ શાળાના સંચાલક સામે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## રાજ્યની પ્રાથમિક શાળાઓમાં એક જ શિક્ષક

15/4/1166 *10 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

૧૫મી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૯-૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૨૯૦૬ (અગ્રતા-૬૫)ના અનુંસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજ્યમાં કુલ ૯૦૬ પ્રાથમિક શાળામાં માત્ર એક શિક્ષક જ ફરજ બજાવે છે, તે શાળાઓમાં વધુ શિક્ષકોની નિમણૂંક કરવા તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ શા પગલાં લીધાં,

(૨) ઉક્ત સ્થિતિએ માત્ર એક જ શિક્ષક ફરજ બજાવતાં હોય તેવી કુલ કેટલી શાળાઓ છે, અને

(૩) ઉક્ત શાળાઓમાં વધુ શિક્ષકોની નિમણૂંક ક્યાં સુધીમાં કરવામાં આવશે?

----

## અમદાવાદ જિલ્લામાં એકીકૃત ઘાસચારા વિકાસ યોજના

15/4/741 *11 **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ (સાબરમતી):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. 31-12-2023 ની સ્થિતિએ વર્ષ 2023-24 માં અમદાવાદ જિલ્લામાં એકીકૃત ઘાસચારા વિકાસ યોજના હેઠળ કેટલી બિયારણ કીટ વિતરણ કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાબતે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

## જૂનાગઢ જિલ્લાના માણાવદર, મેંદરડા અને વંથલી તાલુકામાં માધ્યમિક શાળાઓ

15/4/1184 *12 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં માણાવદર, મેંદરડા અને વંથલી તાલુકામાં તાલુકાવાર કેટલી ટ્રસ્ટ સંચાલિત ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કઈ શાળાના મકાનો જર્જરીત હાલતમાં છે,

(૩) ઉક્ત શાળાના મકાનોને રીપેરીંગ કે નવા બનાવવા માટે કઈ યોજના અમલમાં છે, અને

(૪) ઉક્ત યોજના અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઉક્ત તાલુકાવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

----

## શિક્ષક યોગ્યતા કસોટી ટેટ-૧ યોજવા બાબત

15/4/1187 *13 **શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૧/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ

થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૩૦૪ (અગ્રતા-૧૧૫) ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) રાજ્ય પરીક્ષા બોર્ડના તા.૧૭/૧૦/૨૦૨૨ના જાહેરનામાથી ટેટ-૧ પરીક્ષાના આવેદનપત્રો ભરાયેલ તે અન્વયે પરીક્ષા સભંવિત માસ મે/જુન-૨૦૨૩માં લેવાનું આયોજન હતું તે પરીક્ષા તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્યારે લેવામાં આવી,

(૨) ઉક્ત પરીક્ષામાં કેટલા પરીક્ષાર્થીઓએ ભાગ લીધો, તે પૈકી કેટલી પરીક્ષાર્થીઓ પાસ જાહેર થયા,

(૩) ઉક્ત પાસ જાહેર થયેલ ઉમેદવારો પૈકી કેટલાને નોકરી અંગેના નિમણૂંકો પત્રો આપવામાં આવ્યા?

----

## સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના

15/4/805 *14 **શ્રી શામજીભાઈ ભીમજીભાઈ ચૌહાણ (ચોટીલા ):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા ગામોમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (ડબલ્યુ.ડી.સી-૨.૦) હેઠળ કેટલા પ્રોજેક્ટ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ પૈકી કયા તાલુકામાં કામો કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત કામો પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ થયેલ છે?

----

## જૂનાગઢ જિલ્લામાં નેશનલ ફુડ સિકયોરીટી મિશન-કઠોળ યોજના

15/4/787 *15 **શ્રી સંજય સુખાભાઈ કોરડીયા (જૂનાગઢ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં નેશનલ ફુડ સિક્યોરીટી મિશન-કઠોળ યોજના અંતર્ગત ચણા પાકમાં કેટલા નિદર્શન આપવામાં આવ્યા, અને

(૨) સદર નિદર્શનમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

## સુરત જિલ્લામાં શાળાઓમાં જર્જરીત ઓરડા

15/4/948 *16 **શ્રી ગણપતસિંહ વસાવા (માંગરોળ(એસ.ટી.)):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરત જિલ્લામાં શાળાઓમાં જર્જરીત ઓરડા અંગે કોઈ કામગીરી હાથ ધરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા ઓરડા નવા મંજૂર કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ નવા ઓરડા બનાવવા માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

----

## કચ્છ જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ મંજુર કરવામાં આવેલ અરજીઓ

15/4/1226 *17 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાનાં નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રવેશ માટે કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા વિધાર્થીઓએ પ્રવેશ મેળવ્યો?

----

## રાજ્યમાં પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ ની જગ્યાઓ

15/4/1143 *18 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**પશુપાલન :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૯/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૫૧૯ (અગ્રતા-૫૮)ના અનુસંધાને માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ની કુલ ૪૬૦ જગ્યાઓ પૈકી ૪૪૧ જગ્યાઓ ખાલી હતી તે જગ્યાઓ ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરની અવધિ ૨૦૨૩માં પુર્ણ થતી હતી તે અનુસાર સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ હતી તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ન ભરવાના કારણો શા છે અને તે ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

----

## ભરૂચ જિલ્લામાં વર્ષાયું ફળ પાકોના વાવેતર માટે સહાય

15/4/809 *19 **શ્રી ડી.કે.સ્વામી (જંબુસર):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખેડૂતોને વર્ષાયું ફળ પાકોના વાવેતર માટે સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં ભરૂચ જિલ્લામાં પપૈયા પાકના વાવેતર માટે કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

----

## ગાંધીનગર જિલ્લામાં શાકભાજી અને ફળ પાકોના શોર્ટીંગ યુનિટ

15/4/811 *20 **શ્રી જયંતિભાઈ સોમાભાઈ પટેલ (માણસા):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા શાકભાજી અને ફળ પાકોના શોર્ટીંગ ગ્રેડીંગ યુનિટ માટેની યોજના માટે સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તે પેટે કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

----

## રાજ્યમાં મનરેગા લોકાયુક્તની નિમણૂક

15/4/1331 *21 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્ર (૨૦૨૧)માં સભાગૃહમાં તા. ૨૬/૦૩/૨૦૨૧ના રોજ રજૂ થયેલ સોળમી અતારાંકિત યાદીમાં અ.તા પ્રશ્ન ક્રમાંક-૮૭૮૦ના અનુસંધાને માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) મનરેગાની ફરિયાદોના નિકાલ માટે મનરેગા લોકાયુક્તની નિમણૂક રાજ્યના તમામ જિલ્લામાં બાકી હતી તે પૈકી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કયા જિલ્લાઓમાં નિમણૂક કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ કયા જિલ્લાઓમાં મનરેગા લોકાયુક્તની નિમણૂક બાકી છે, અને

(૩) ઉક્ત નિમણૂક ન થવાના કારણો શા છે, આવી નિમણૂક ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે?

----

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામા ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાય

15/4/1339 *22 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્રારકા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી?

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલી સહાય ચુકવવામાં આવી?

----

## ડાંગ જિલ્લામાં ચાલતી સિઝનલ હોસ્ટેલોમાં થતી ગેરરીતિઓની ફરિયાદ

15/4/1194 *23 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૦૭/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૧૮૦ (અગ્રતા-૧૦૩) ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજ્ય સરકારને સર્વ શિક્ષા અભિયાન હેઠળ ડાંગ જિલ્લામાં કાર્યરત સિઝનલ હોસ્ટેલોમાં ભૂતિયા વિદ્યાર્થીઓ બાબતે ત્રણ ફરિયાદો અન્વયે સમગ્ર શિક્ષા દ્વારા તપાસ કમિટી નીમી તપાસ સોંપવામાં આવેલ તે તપાસ ક્યારે, કોને, કેટલા સમયમાં અહેવાલ સુપ્રત કરવાની શરતે સોંપવામાં આવેલ,

(૨) તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્યારે અહેવાલ મળેલ છે, અને

(૩) મળેલ અહેવાલ અન્વયે કેટલા ભૂતિયા વિદ્યાર્થીઓ ક્યારથી હોવાનું સામે આવ્યું અને તે સબબ કયા જવાબદારો સામે શાં પગલાં લીધા?

----

## ભાવનગર જિલ્લામાં વર્ષાયું ફળ પાકોના વાવેતર માટે સહાય

15/4/810 *24 **શ્રી શિવાભાઇ જેરામભાઇ ગોહિલ (મહુવા):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખેડૂતોને વર્ષાયું ફળ પાકોના વાવેતર માટે સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેળ (ટીસ્યુ), પાકના વાવેતર માટે કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

----

## પ્રધાનમંત્રી આવાસ યોજનામાં રાજ્યનો ૧૦૦% ફાળો

15/4/807 *25 **ડૉ. દર્શીતા શાહ (રાજકોટ પશ્ચિમ):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૧૦૦% રાજ્ય

ફાળા હેઠળ કોઈ સહાય ચૂકવવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી સહાય ચૂકવવામાં આવે છે?

----

## રાજ્યમાં પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ની ખાલી જગ્યાઓ

15/4/1126 *26 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**પશુપાલન :-**

૧૫મી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૯-૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૫૧૯ (અગ્રતા-૫૮)ના અનુસંધાને માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં પશુપાલન અધિકારી વર્ગ-૨ની કુલ ૪૬૦ જગ્યાઓ પૈકી ૪૪૧ જગ્યાઓ ખાલી હતી તે ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ ભરવાનું આયોજન હતું અને આ ૧૦ વર્ષીય કલેન્ડરની અવધિ વર્ષ-૨૦૨૩માં પૂર્ણ થઈ છે તો તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી,

(૨) ઉકત સ્થિતિએ કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉકત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?

----

## પોરબંદર જિલ્લામાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા

15/4/1160 *27 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

૧૫મી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૯-૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૨૮૨ (અગ્રતા-૭૩)ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) પોરબંદર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ૧૮૦ શાળાઓમાં કોમ્પ્યુટર લેબની અને ૨૨૦ શાળાઓમાં વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા ન હતી, તે સુવિધા જેમ બને તેમ ઝડપથી ઉપલબ્ધ કરાવવાની હતી તો તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ઉકત શાળાઓમાંથી કેટલી શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી,

(૨) ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલી શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની

સુવિધા નથી, અને

(૩) ઉક્ત શાળાઓમાં ક્યાં સુધીમાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે ?

----

## તાપી જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા સહાય

15/4/788 *28 **શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી (વ્યારા):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કરશે કે:-

(૧) તાપી જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમાની સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી ?

----

## બનાસકાંઠા જીલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં કોલ્ડ સ્ટોરેજ

15/4/541 *29 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં કેટલા કોલ્ડ સ્ટોરેજ મંજુર કરી આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે અન્વયે કેટલી રકમનો ખર્ચ થયો?

----

## અમદાવાદ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના

15/4/804 *30 **શ્રી હાર્દિક ભરતભાઈ પટેલ (વિરમગામ):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જીલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (ડબલ્યુ.ડી.સી) હેઠળ જળસંગ્રહની કામગીરી કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કયા તાલુકામાં કઈ કામગીરી કરવામાં આવેલ છે?

----

## ગાંધીનગર જિલ્લામાં પશુઓનું રસીકરણ

15/4/792 *31 **શ્રી લક્ષ્મણજી પુંજાજી ઠાકોર (કલોલ):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત રસીકરણ કયા પ્રકારના રોગો માટે કરવામાં આવ્યું?

----

## રાજ્યમાં પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ ની જગ્યાઓ

15/4/1174 *32 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**પશુપાલન :-**

૧૫મી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૯-૦૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૩૫૧૯ (અગ્રતા-૫૮)ના અનુસંધાને માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજ્યમાં પશુપાલન ચિકિત્સા અધિકારી વર્ગ-૨ની કુલ ૪૬૦ જગ્યાઓ પૈકી ૪૪૧ જગ્યાઓ ખાલી હતી તે ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ ભરવાનું આયોજન હતું અને આ ૧૦ વર્ષીય કેલેન્ડરની અવધિ વર્ષ-૨૦૨૩માં પૂર્ણ થાય છે તો તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી,

(૨) ઉક્ત ભરવામાં આવેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવામાં આવી,

(૩) ઉક્ત સીધી ભરતીથી ભરવામાં આવતી જગ્યાઓમાં કેટલું માસિક વેતન આપવામાં આવે છે,

(૪) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૫) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

## એક જ શિક્ષકવાળી પ્રાથમિક શાળાઓમાં વધુ શિક્ષકો મૂકવા બાબત

15/4/1170 *33 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યની કેટલી પ્રાથમિક શાળાઓમાં માત્ર એક શિક્ષક જ ફરજ બજાવે છે,

(૨) ઉક્ત શાળાઓમાં માત્ર એક જ શિક્ષક ફરજ બજાવતાં હોવાથી વિદ્યાર્થીઓના શિક્ષણ પર વિપરીત અસર ન પડે તે માટે વધારે શિક્ષકો મુકવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) ઉક્ત તમામ શાળાઓમાં ક્યાં સુધીમાં એક કરતાં વધારે શિક્ષકો મુકવામાં આવશે?

----

## સુરેન્દ્રનગર જિલ્લામાં પશુઓનું રસીકરણ

15/4/793 *34 **શ્રી પરસોત્તમભાઈ ખેંગારભાઈ પરમાર (દસાડા):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત રસીકરણ કયા પ્રકારના રોગો માટે કરવામાં આવ્યું?

----

## રાજકોટ જિલ્લામાં કુત્રિમ બીજદાન યોજના અન્વયે પશુપાલકોને પ્રોત્સાહન

15/4/799 *35 **શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા (ગોંડલ):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં શુધ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કુત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના ઉછેર માટે પશુપાલકોને પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી?

----

## મહેસાણા જિલ્લામાં પશુ આરોગ્ય મેળા

15/4/794 *36 **શ્રી કરશનભાઇ પુંજાભાઇ સોલંકી (કડી):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા પશુઆરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કુલ કેટલાં પશુઓને સારવાર આપવામાં આવી, અને

(૩) તેમાં કુલ કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું?

----

## એક જ શિક્ષકવાળી પ્રાથમિક શાળાઓમાં વધુ શિક્ષકો મૂકવા બાબત

15/4/1191 ***37** **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યની કેટલી પ્રાથમિક શાળાઓમાં માત્ર એક શિક્ષક જ ફરજ બજાવે છે,

(૨) ઉક્ત શાળાઓમાં માત્ર એક જ શિક્ષક ફરજ બજાવતાં હોવાથી વિદ્યાર્થીઓના શિક્ષણ પર વિપરીત અસર ન પડે તે માટે વધારે શિક્ષકો મુકવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) ઉક્ત તમામ શાળાઓમાં ક્યાં સુધીમાં એક કરતાં વધારે શિક્ષકો મુકવામાં આવશે?

----

## અમદાવાદ જિલ્લામાં પશુ આરોગ્ય મેળા

15/4/795 ***38** **શ્રી કાળુભાઈ રૂપાભાઈ ડાભી (ધંધુકા):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા પશુઆરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કુલ કેટલાં પશુઓને સારવાર આપવામાં આવી, અને

(૩) તેમાં કુલ કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું?

----

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ખાતર બિયારણ માટેના ડેપો

15/4/818 ***39** **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતોને ખાતર બિયારણ માટેના કેટલા સરકારી ડેપો છે?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ૨ (બે) વર્ષમાં કેટલા ખેડૂતોએ આ ડેપો પરથી ખાતર બિયારણનો લાભ લીધો, અને

(૩) તે માટે સહાય પેટે કેટલી રકમ ચુકવવામાંઆવી?

----

**રાજ્યની પ્રાથમિક શાળાઓમાં એક જ શિક્ષક**

15/4/1182 *40 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

૧૫મી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૯-૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૨૯૦૬ (અગ્રતા-૬૫)ના અનુંસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજ્યમાં કુલ ૯૦૬ પ્રાથમિક શાળામાં માત્ર એક શિક્ષક જ ફરજ બજાવે છે, તે શાળાઓમાં વધુ શિક્ષકોની નિમણૂંક કરવા તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ શા પગલાં લીધાં,

(૨) ઉક્ત સ્થિતિએ માત્ર એક જ શિક્ષક ફરજ બજાવતાં હોય તેવી કુલ કેટલી શાળાઓ છે, અને

(૩) ઉક્ત શાળાઓમાં વધુ શિક્ષકોની નિમણૂંક કયાં સુધીમાં કરવામાં આવશે?

----

**અમદાવાદ શહેર અને જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓના ઓરડાઓની ઘટ**

15/4/722 *41 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળાવાર કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૩) ઉક્ત ઘટ ક્યાં સુધીમાં પૂરી કરવામાં આવશે?

----

## એક જ શિક્ષકવાળી પ્રાથમિક શાળાઓમાં વધુ શિક્ષકો મૂકવા બાબત

15/4/1168 *42 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યની કેટલી પ્રાથમિક શાળાઓમાં માત્ર એક શિક્ષક જ ફરજ બજાવે છે,

(૨) ઉક્ત શાળાઓમાં માત્ર એક જ શિક્ષક ફરજ બજાવતાં હોવાથી વિદ્યાર્થીઓના શિક્ષણ પર વિપરીત અસર ન પડે તે માટે વધારે શિક્ષકો મુકવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) ઉક્ત તમામ શાળાઓમાં ક્યાં સુધીમાં એક કરતાં વધારે શિક્ષકો મુકવામાં આવશે?

----

## અમદાવાદ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામ્ય) અંતર્ગત વ્યકિતગત શૌચાલય

15/4/743 *43 **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ (સાબરમતી):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન ગ્રામ્ય અંતર્ગત તાલુકાવાર કેટલા કુટુંબો માટે વ્યકિતગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

## એક જ શિક્ષકવાળી પ્રાથમિક શાળાઓમાં વધુ શિક્ષકો મૂકવા બાબત

15/4/1188 *44 **શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યની કેટલી પ્રાથમિક શાળાઓમાં માત્ર એક શિક્ષક જ ફરજ બજાવે છે,

(૨) ઉક્ત શાળાઓમાં માત્ર એક જ શિક્ષક ફરજ બજાવતાં હોવાથી વિદ્યાર્થીઓના શિક્ષણ પર વિપરીત અસર ન પડે તે માટે વધારે શિક્ષકો મુકવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) ઉક્ત તમામ શાળાઓમાં ક્યાં સુધીમાં એક કરતાં વધારે શિક્ષકો મુકવામાં આવશે?

----

## કચ્છ જિલ્લાના બાળકોને પરિવહન સુવિધા

15/4/789 *45 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વર્ષઃ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ દરમ્યાન પરિવહન સુવિધા અંતર્ગત કચ્છ જિલ્લાના કેટલા બાળકોને લાભ આપવામાં આવે છે, અને

(૨) વર્ષ ૨૦૨૨-૨૩માં આ સુવિધા અંતર્ગત કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

----

## ખેડૂતોને ડુંગળી અને કપાસના પોષણક્ષમ ભાવ

15/4/1332 *46 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને ડુંગળી અને કપાસના પોષણક્ષમ ભાવ મળતા નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ખેડૂતોને ડુંગળીના પોષણક્ષમ ભાવ મળે તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શાં પગલાં લીધા?

----

## એક જ શિક્ષક હોય તેવી પ્રાથમિક શાળાઓ

15/4/1127 *47 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યની કેટલી પ્રાથમિક શાળાઓમાં માત્ર એક શિક્ષક જ ફરજ બજાવે છે,

(૨) ઉક્ત શાળાઓમાં માત્ર એક જ શિક્ષક ફરજ બજાવતાં હોવાથી વિદ્યાર્થીઓના શિક્ષણ પર વિપરીત અસર ન પડે તે માટે વધારે શિક્ષકો મુકવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) ઉક્ત તમામ શાળાઓમાં ક્યાં સુધીમાં એક કરતાં વધારે શિક્ષકો મુકવામાં આવશે ?

----

## બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકાના પશુ દવાખાનાઓમાં મંજૂર મહેકમ

15/4/542 *48 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકાઓમાં આવેલ પશુ દવાખાનાઓમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજુર થયેલ છે?

(૨) તે અંતર્ગત કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

----

## રાજ્યમાં પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ અને પશુ નિરીક્ષક વર્ગ-૩ની જગ્યાઓ

15/4/1171 *49 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**પશુપાલન :-**

૧૫મી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૦૧/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૨૨૧ (અગ્રતા-૧૧૫) ના અનુસંધાને માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ની કુલ ૪૪૧ જગ્યાઓ અને પશુધન નિરીક્ષકની ૭૫૪ જગ્યાઓ ખાલી હતી તે ભરવાની કાર્યવાહી પ્રગતી હેઠળ હતી તો કેટલી જગ્યાઓ ભરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

----

## અમદાવાદ જિલ્લામાં બિન સરકારી ગ્રાન્ટ ઈન એઈડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારાની દરખાસ્તો

15/4/745 *50 **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ (સાબરમતી):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વર્ષ 2022-23 માં અમદાવાદ જિલ્લામાં બિન સરકારી ગ્રાન્ટ ઈન એડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારવાની કેટલી દરખાસ્તો મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી ?

----

## બનાસકાંઠા જિલ્લામાં કુત્રિમ બીજદાન યોજના

15/4/543 *51 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કુત્રિમ બીજદાન યોજના હેઠળ વાછરડા ઉછેર માટે કેટલા પશુપાલકોને વર્ષવાર લાભ અપાયો?

----